# જીવનનુ ઘડતર કરતા શિક્ષકો ઘટતા જાય છે

'મા' પછી જો કોઈને સ્થાન આપી શકાય તેમ હોય તો તે સ્થાન ચોક્કસ 'શિક્ષક' કે 'ગુરૂ' જ લઈ શકે... મા બાળકને બોલતાં શીખવે છે જ્યારે શિક્ષક આ બોલાતાં શબ્દોને ઘાટ આપી બાળકને ધીમે ધીમે લખતા શીખવી છેક ઉચ્ચ કેળવણી આપવા સુધી લઈ જાય છે.

પુસ્તક જ્ઞાનની ક્યાંય સંતાઈ જતી... તેમની નિષ્ઠા અને સેવાના દાખલા ટાંકવામાં આવતા... શિક્ષકોના આ બંને ગુણોની તો જાણે હવે બાદબાકી જ થઈ ગઈ છે. સેવાભાવી નિષ્ઠાવાન અને મૂલ્યનિષ્ઠ શિક્ષકો હવે દીવો લઈને શોધવા જવા પડે તેમ છે.

સરકારી નોકરી મેળવવી એ જ હવે આજના

## ટાઈમ પ્લીઝ

મર્યાદાઓ પાર કરી સૌથી વધુ ઉપયોગી એવા જીવનમૂલ્યોનુ જ્ઞાન અને તેની સમજણ શિક્ષક કે ગુરૂ આપી બાળકને તે જવાબદાર નાગરિક બનાવે છે. દેશનું ભાવિ ઘડવાની ખૂબ જ અગત્યની જવાબદારી શિક્ષકો નિભાવે છે. જો કે આપણી કમનસીબી એ છે કે બાળકના જીવનને ઘાટ આપનારા, તેનુ ભવિષ્ય ઘડનારા શિક્ષકો ઘટી રહ્યા છે. જવાબદાર નાગરિક બનાવવાની આપણી જવાબદારી આ રીતે ચૂકાઈ રહી છે.

શિક્ષક ગામમાંથી પસાર થાય એટલે ઓછામાં ઓછા વીસ-પચ્ચીસ યુવાનો-બાળકો તેને પગે લાગે કે સાષ્ટાંગ પ્રણામ કરે તેવા દશ્યો કંઈ દૂરના ભૂતકાળની વાત નથી. ગામના સરપંચ પછીના સ્થાને શિક્ષકનું આદરભર્યુ સ્થાન રહેતુ... સ્વભાવે કડક અને તેજતર્રાર તથા એવા જ કડક ઈસ્ત્રી ટાઈટ વસ્ત્રો પહેરી શિક્ષક ગામ વચ્ચેથી પસાર થાય તો તેનો પ્રભાવ કંઈક અલગ જ પડતો... તોફાની બારકસોની ટોળી શિક્ષકોનો ટાર્ગેટ બની ગયો છે. સંપૂર્ણ સમર્પિત શિક્ષકો હશે તેની ના નહી પરંતુ તેની સંખ્યા આંગળીના વેઢે કદાચ ગણી શકાય. શિક્ષણ આપવુ તે હવે વ્યવસાય બની ગયો છે. સેવાનો ભાવ તો ક્યાય વિસરાઈ ગયો છે. જવાબદાર નાગરિક ઘડવાની અને તે થકી મૂલ્યનિષ્ઠ સમાજ ઉભો કરવાની વાતો તો હવે માત્ર પુસ્તકોમાં જ જોવા મળે છે. બેજવાબદાર શિક્ષકો એક આખો બેજવાબદાર સમાજ રચે છે તેવુ કહીએ તો તેમાં જરાય ખોટુ નથી... ટ્યુશન અને ખાનગી કોચીંગ ક્લાસના દૂષણો શિક્ષકોને વ્યવસાયિક બનાવી દીધા છે.

ભૌતિક સુખ-સુવિધાનુ આકર્ષણ શિક્ષકોને સેવાના માર્ગમાંથી વિચલીત કરી રહ્યાં છે. બાળકોમાં શિક્ષકો માટેની શ્રદ્ધા ઘટતી જાય છે. આપણે આજે સમગ્ર દેશમાં શિક્ષકદિન ઉજવી રહ્યા છીએ ત્યારે શિક્ષકો પ્રત્યેનો આદર, તેમનામાં રહેલી નિષ્ઠા અને શ્રદ્ધા વધારી શકીએ તો આ ઉજવણી ખરા અર્થમાં સાર્થક ગણાશે.



શહેરમાં ખદબદતી ગંદકી - સ્માર્ટસીટી બનવા તરફ બુલેટ ટ્રેનની ગતિએ આગળ વધતા પાટનગરની આ તસવીર ક્ષોભજનક સ્થિતિમાં મૂકે છે... સેક્ટર-૧૬ પોસ્ટ ઓફીસ પાસે વરસાદી પાણીથી સર્જાયેલી ગંદકી હટાવવાનું કોઈ સુઝતું નથી કે, કોઈને કરવું નથી એ પ્રશ્ન કદાચ મુંઝવતો હશે પરંતુ રોગચાળા માટે નિમંત્રણપત્રિકા સમી આ ગંદકી હટાવવી જ જોઈએ... એ પ્રજાની અને સમયની માંગ છે... આમાં મુંઝવણ નહિ, ઉકેલ અનિવાર્ય છે... શહેરમાં આજકાલ ઠેર ઠેર ગંદકીના દશ્યો નજરે પડે છે... ત્યારે જાણે મચ્છર ઉત્પત્તિ કેન્દ્રોનું નિર્માણ થતું હોય એવી દહેશત જન્મે છે... રોગચાળો વધે અને ઉપાયો કરાય એના કરતા મચ્છર ઉત્પત્તિને નાથવાનું સરળ કેમ નહિ જણાતું હોય એ ચિંતાનો વિષય છે...

# જિલ્લામાં સાર્વત્રિક વરસાદથી સમગ્ર વાતાવરણમાં ઠંડક પ્રસરી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં આજે ચારેય તાલુકામાં હળવાથી ભારે વરસાદ નોંધાયો છે. ભાદરવા મહિનામાં અષાઢી માહોલ થતાં જિલ્લાના વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે કલોલમાં આજે લગભગ દોઢ ઈંચ જેટલો વરસાદ રાત્રે ૮.૩૦ સુધીમાં નોંધાયો છે તો માણસા અને દહેગામમાં પણ ૧ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે જ્યારે ગાંધીનગરમાં અડધો ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં આજે મોડી સાંજથી શરૂ થયેલા આ વરસાદને કારણે સેમી અર્બન વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જવા પામ્યા હતા. જોકે પાણી ધીમી ગતિએ ઓસરી રહ્યા છે અને તેની સીધી અસર વાહન-વ્યવહાર પર પડી હતી. કલોલ માણસામાં તો પાણી ભરાઈ જતાં લોકોને ભારે તકલીફ પડી હતી જિલ્લામાં સાર્વત્રિક વરસાદ હળવાથી ભારે થશે તેવુ પૂર્વાનુમાન હતુ.

# આજે જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન

ગાંધીનગર, તા. ૪

આજે શિક્ષક દિન નિમિત્તે શિક્ષક પારિતોષિક યોજના-૨૦૧૯ અંતર્ગત ગાંધીનગર જિલ્લામાંથી પ્રાથમિક, શિક્ષક-આચાર્ય, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એનાયત કરવાનો એક સમારોહ મધુર ડેરીની સામે આવેલ વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે યોજવામાં આવેલ છે.

આ સમારોહમાં જિલ્લાના પ્રભારી મંત્રી અને મહેસુલ મંત્રી કૌશિક પટેલના હસ્તે પુરસ્કારો એનાયત કરવામાં આવશે. આ પ્રસંગે જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન કીર્તિબેન પટેલ, પંચાયત પ્રમુખ શ્રીમતિ મંગુબેન પટેલ, મેયર શ્રિમતિ રીટાબેન પટેલ તથા ધારાસભ્યો સુરેશભાઈ પટેલ, બલરાજસિંહ ચૌહાણ, બળદેવજી ઠાકોર, ડૉ. સી.જે. ચાવડા, શંભુજી ઠાકોર મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટર લાંગા તથા જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલ પણ અતિથિ તરીકે હાજર રહેશે. જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદ થયેલા શિક્ષકોને રૂ. પાંચ હજારનો પુરસ્કાર તથા શાલ અને સન્માનપત્ર એનાયત કરવામાં આવશે.

# ગુડાના સાયકલ શેરીંગ પ્રોજેકટના સ્ટાફની હડતાલ

## પુરતો પગાર મળતો નથી : રજાનો પણ લાભ મળતો નથી : પ્રશ્ન હલ ન થાય ત્યાં સુધી હડતાલ રાખીશુ : ઓપરેટરો

ગાંધીનગર તા ૪

ગુડાના સાયકલ શેરીંગ પ્રોજેકટને અનુલક્ષી નગરમાં અંદાજિત ૩૦ જેટલા સ્ટેન્ડ કાર્યરત છે. જયારે આ સ્ટેન્ડ પર કાર્યરત ૬૭ ઓપરેટરો સહીત સુપરવાઈઝરના સ્ટાફને પુરતો પગાર તેમજ રજાનો લાભ મળતો ન હોવાથી તેમણે હાલ હડતાળની રાહે ન્યાય માટે લડત આરંભી છે. આજે પણ સાઈકલના સ્ટેન્ડ પર સ્ટાફના અભાવે નાગરિકોને મુશ્કેલી વેઠવી પડી હતી. ગ્રીનસીટીના કન્સેપ્ટને વેગ આપવા તંદુરસ્તીને જાળવવાના ઉમદા આશય સાથે શરૂ કરાયેલા ગુડાના આ પ્રોજેકટમાં કામ કરતા યુવાનોને અન્યાય થઈ રહ્યો હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે.

ગુડા દ્વારા શરૂ કરાયેલા સાયકલ શેરીંગ પ્રોજેકટનો શરૂઆતમાં નગરજનો દ્વારા ઉમદા પ્રતિસાદ સાંપડયો હતો. તંદુરસ્તી જાળવવાની સાથે ગ્રીન ગાંધીનગરના કન્સેપ્ટને વેગ આપવા માટે ગુડા દ્વારા શહેરમાં સાયકલ શેરીંગ પ્રોજેકટ શરૂ કરાયો હતો. જયારે વર્ષોના અંતે આ પ્રોજેકટ આમ નાગરિકો માટે પણ વિશેષ ઉપયોગી બન્યો છે. નગરના સિનિયર સિટીઝન્સ તેમજ વિદ્યાર્થીઓ અને યુવાઓ પણ આ પ્રોજેકટના માધ્યમથી સાયકલનો વિશેષ ઉપયોગ કરી રહ્યા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

પરંતુ ગુડા દ્વારા સાયકલ શેરીંગ પ્રોજેકટની યોગ્ય જાળવણી પણ ન થતી હોવાની ફરિયાદો પણ સમયાંતરે ઉઠતી રહે છે. શહેરીની સડકો પણ આમ પણ સાયકલો નજરે પડતી નથી. જયારે ગુડાના આ પ્રોજેકટના અંતે સાયકલની ટ્રીન ટ્રીન સંભળાતી થઈ છે. શહેરમાં ગુડા દ્વારા સાયકલ શેરીંગ પ્રાજેકટને અનુલક્ષી વિવિધ ઠેકાણે સ્ટેન્ડ કાર્યરત કાર્યરત કરાયા છે.




● અનુસંધાન પાન-૭ પર

# પદયાત્રીઓ માટે જિલ્લામાં આરોગ્ય તંત્ર દ્વારા ૧૩ સ્થાનો પર મેડીકલ કેમ્પ

ગાંધીનગર, તા. ૪

ભાદરવી પૂનમના મા અંબાના યોજાતા મેળામાં જતા પદયાત્રીઓ માટે જિલ્લા પંચાયતના આરોગ્યતંત્ર દ્વારા ૧૩ જગ્યાએ ખાસ મેડીકલ કેમ્પો આજથી શરૂ કરાયા છે.

આ ઉપરાંત ૫મી સપ્ટેમ્બરથી તંત્ર દ્વારા બે આરોગ્ય રથ પણ રૂટ પર સતત ફરી અને પદયાત્રીઓના આરોગ્યની કાળજી લેશે. આ રથને જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ મંગુબેન શ. પટેલ (ચૌધરી) વિદાય આપશે. તેમણે આજે અડાલજ ખાતે આરોગ્યના સેવાકેન્દ્રનો પ્રારંભ કરાવ્યો છે.

જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. સોલંકીએ જણાવ્યુ હતુ કે ૨૪૮૭ આ કેન્દ્રો કાર્યરત રહેશે અને તે ૧૦મી સપ્ટેમ્બર સુધી ચાલશે. તેમણે જણાવ્યુ હતુ કે આરોગ્ય તંત્રની ટીમો વિવિધ સેવા કેન્દ્રો પર વિતરીત થતા ખાદ્યપદાર્થો અને પાણીનું પણ સુપરવિઝન કરશે.

ડૉ. સોલંકીએ જણાવ્યુ હતુ કે ૨૪૮૭ સેવા કેન્દ્રો પર ૪૨થી વધુ આરોગ્યના કર્મયોગીઓ ફરજ બજાવશે.

તેમણે કહ્યુ હતુ કે ખાસ જરૂરિયાત જણાશે તો પદયાત્રીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પણ રિફર કરવામાં આવશે. આરોગ્યના આ સેવા કેન્દ્રો માટે જે સ્થળોની પસંદગી કરવામાં આવી છે તેમાં અડાલજ ચોકડી, કોબા સર્કલ, નાના ચિલોડા, ગિયોડ, વાસણિયા મહાદેવ, પેથાપુર ચાર રસ્તા, ક-૭ ચોકડી, બાલવા ચોકડી, ધેધુ ચોકડી, નિત્યાનંદ કોટન ઈન્ડસ્ટ્રીઝ બોરૂ, ધમાસણા, વિહારનો સમાવેશ થાય છે.

આ સેવા કેન્દ્રો પર દવાઓનો પુરતો જથ્થો પણ ફાળવી દેવામાં આવ્યો છે. આ દવાનો સંપૂર્ણ ખર્ચ જિલ્લા પંચાયતના સ્વભંડોળમાં પડશે.

# શહેરમાં સાંજે એક ઈંચ વરસાદ

ગાંધીનગર, તા.૪

શહેરમાં મોડીસાંજે ગાજવીજ સાથે વરસાદે ધમાકેદાર એન્ટ્રી કરી હતી. માત્ર એક-દોઢ કલાકમાં ૧૯ મી.મી. વરસાદ પડ્યો હતો. રાત્રે ૯-૩૦ વાગ્યા સુધીમાં મોસમનો કુલ વરસાદ ૫૨૦ મી.મી. થયો હતો. અર્થાત્ ૨૧ ઈંચ વરસાદ આજ સુધી નોંધાયો છે.

ગઈકાલની જેમ આજે પણ બરાબર સાત-સાડાસાતના સુમારે વરસાદ ત્રાટક્યો હતો. જોકે મોડીસાંજથી ઘેરાયેલા આકાશના પ્રમાણાં વરસાદ ઓછો પડ્યો હોય એવું વર્તાતું હતું. વિજળીના ચમકારાઓ અને મેઘ ગર્જનાઓ અષાઢી માહોલની યાદ અપાવતા હતા. દોઢ કલાકમાં અડધો કલાક આક્રમક સ્વરૂપ હતું પરંતુ ત્યારબાદ આછો અને ઓછો થયો હતો. જોકે શહેરમાં હજુ પણ વરસાદી માહોલ યથાવત છે. હજુ પણ ત્રણ દિવસ ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરાઈ છે. વરસાદના કારણે શહેરમાં નીચાણવાળા ભાગોમાં પાણી ભરાતા વાહનચાલકો માટે હાલાકી સર્જાતી હતી.

# નિયત સમય કરતા વહેલા જતા રહેતા સામુહિક આરોગ્ય કેન્દ્રના ૬ કર્મીઓને નોટીસ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાના એક સામુહિક આરોગ્ય કેન્દ્ર અને એક પ્રા.આ. કેન્દ્રના અર્ધો ડઝન જેટલા કર્મચારીઓ તેમની ફરજના સમય કરતાં વહેલા ફરજનું સ્થળ છોડી જતા રહેલા જણાતાં જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી સોલંકીએ આ કર્મયોગીઓને કારણદર્શક નોટીસ આપી ખુલાસો માંગ્યો છે.

આજે બપોરના ૧૨ વાગ્યાના સુમારે જિલ્લાના મુખ્ય અધિકારીની આગેવાનીમાં આ ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવી હતી. તેમની આ તપાસ દરમ્યાન કર્મચારીની ગેરહાજરીને લઈ કોઈ જ સંતોષકારક ઉત્તરો ન મળતાં તેમને નોટીસો આપવામાં આવી છે.

જિલ્લામાં આરોગ્યતંત્ર દ્વારા આ રીતે નોટીસો આપી ખુલાસો માંગવામાં આવતાં તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે. આરોગ્યતંત્ર દ્વારા સેવાના સઘનીકરણની સાથે સાથે ગુણવત્તાસભર સેવાઓ માટેની કટિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી છે ત્યારે આ પ્રકારની ગંભીર કાળજી સાંખી નહિ લેવાય તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

તંત્ર દ્વારા આગામી દિવસોમાં પણ આ ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે. તાજેતરમાં જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં પણ આ મુદ્દો આવ્યો હતો અને કર્મયોગીઓની ગેરહાજરી એ ગંભીર લેખવામાં આવી હતી જે નોંધનીય છે.

# ખેત ઉત્પાદન વધારવા પ્રાકૃતિક ખેતી અનિવાર્ય

## મહાત્મા મંદિર ખાતે સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિ કાર્યશાળા : પ્રાકૃતિક કૃષિ જ ભારતની પરંપરાગત કૃષિ : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી






ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે આજે સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિ કાર્યશાળા યોજાઈ હતી. આ તબક્કે પદ્મશ્રી વિજેતા અને પ્રાકૃતિક ખેતીના હીમાયતી સુભાષ પાલેકરે ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવવા પ્રાકૃતિક ખેતી અપનાવવી અનિવાર્ય હોવાનું જણાવ્યું હતું. જ્યારે રાજ્યપાલે પણ ખેતી અને ખેડૂતોના સર્વાંગી વિકાસ માટે સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિ શ્રેષ્ઠ ઉપજ હોવાનું ઉમેર્યુ હતુ.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, બધી કૃષિ પદ્ધતિમાં ખેડૂતોને જ અંતે સહન કરવાનું આવે છે. ખેડૂત દેવાદાર બન્યો અને આત્મહત્યા તરફ વળ્યો. તેમણે ઉમેર્યું કે, પાલેકરજીની ખેતીમાં એક ગાય દ્વારા ૩૦ એકરની ખેતી થઈ શકે છે. રાજ્યપાલશ્રીએ દેશી ગાયના છાણ-ગૌ મૂત્ર, ગોળ, બેસન અને માટીના મિશ્રણથી તૈયાર થતું જીવામૃત- ચાર દિવસમાં તૈયાર થાય છે. તેના લાભ પણ દર્શાવ્યા હતા. દેશી ગાયના એક ગ્રામ છાણમાં ૩૦૦ કરોડ જીવાણુ હોય છે. આ જીવાણું જ કૃષિ માટે અગત્યના છે.

પદ્મશ્રી વિજેતા અને પ્રાકૃતિક ખેતીના હિમાયતી સુભાષ પાલેકરે જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતીને અપનાવવા માટે રાજ્યનું સમગ્ર વહીવટી તંત્ર કટિબદ્ધ બન્યુ હોય એ આજે પહેલો અવસર છે. આ માટે ગુજરાત સરકારનો હ્રદયપૂર્વક આભાર માનું છું.

પાલેકરે જણાવ્યું હતું કે, આઝાદી પછીની તત્કાલિન સરકારે હરિત ક્રાન્તિને સ્વીકારી તેની પાછળનો ધ્યેય ખાદ્ય ઉત્પાદન ક્ષેત્રે સ્વાવલંબન થવાનો હતો. જો કે કમનશીબે ખાદ્યાન્ન ઉત્પાદન ક્ષેત્રે સ્વાવલંબનનો ધ્યેય કમનશીબે સાકાર નથી થઈ શક્યો. આપણે પ્રતિવર્ષ લાખો ટન ખાદ્યતેલ આયાત કરવું પડે છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પ્રાકૃતિક કૃષિનો વ્યાપ-પ્રસાર રાજ્યમાં વધારવાની દિશામાં રાજ્ય સરકાર આયોજનબધ્ધ આગળ વધશે તેવો વિશ્વાસ આપ્યો હતો.

# અમિત શાહે ગરદનના પાછળ ભાગે સર્જરી કરાવી

અમદાવાદ,તા. ૪

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ શહેરમાં વૈષ્ણૌદેવી સર્કલ પાસે આવેલી કેડી હોસ્પિટલમાં આજે સવારે દાખલ થયા હતા. તેમને ગરદનના પાછળના ભાગે લિપોમાની નાનકડી સર્જરી કરવામાં આવી હતી. સર્જરી બાદ તેમને બે કલાકમાં રજા પણ આપી દેવામાં આવી હતી. જો કે, કેન્દ્રીય ગૃહમંત્રીના આજે સવારે અચાનક હોસ્પિટલમાં દાખલ થવાની ઘટનાને લઈ અનેક અટકળો અને તર્ક-વિતર્કો વહેતા થયા હતા. જો કે, બાદમાં હોસ્પિટલ સત્તાધીશોએ સ્પષ્ટતા કરી હતી.

કેડી હોસ્પિટલના મેનેજિંગ ડિરેક્ટર ડો. અદિત દેસાઈએ આ અંગે જણાવ્યું હતું કે, ગૃહમંત્રી અમિત શાહને સવારે ૯-૦૦ વાગ્યે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. તેમની એનેસ્થેસિયાની મદદથી સફળતાપૂર્વક પાછળના ભાગે ગરદન નીચે લિપોમાનું નાનું ઓપરેશન કરાયું હતું. નાનકડી સર્જરી બાદ તેમને રજા આપવામાં આવી હતી.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગઈકાલે રાત્રે અમદાવાદમાં આવી પહોંચ્યાં હતા. અમદાવાદ એરપોર્ટ તેમનું સ્વાગત જીતુ વાઘાણી અને પ્રદીપસિંહ વાઘેલાએ કર્યું હતું. અમિત શાહ તેમના પારિવારિક પ્રસંગમાં હાજરી આપવા માટે તા.૪ અને ૫ સપ્ટેમ્બરે ગુજરાતમાં રહેવાના છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com